આખો દિવસ બેકીંગ વિસ્તારમાં ટ્રાફિકનો ધમધમાટ સવારે ચક્કાજામની સ્થિતિ

ગાંધીનગર સમાચાર

# શહેરમાં ૧૨ કરોડની નવી ચલણી નોટો ઈસ્યુ

## વહેલી સવારથી જ નાગરિકોએ ચલણી નોટો બદલવા બેંકો પર ભીડ જમાવી : ધક્કામુક્કી અને ચડભડના બનાવો બન્યાં
## પોતાના ખાતામાં નાણાં જમા કરાવવા પણ લાંબી લાઈનો લાગી : બેંકોએ સાંજે ૬ વાગ્યા સુધી નોટો બદલી આપી

ગાંધીનગર, તા. ૧૦

ભારત સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની ચલણી નોટો રદ કરીને તેના સ્થાને નવી ચલણી નોટો ઈશ્યુ કરવાનું આજથી પ્રારંભ કરાયું હતુ જેના પગલે આજે ગાંધીનગરમાં સવારથી જ તમામ બેંકોની શાખાઓ પર નગરજનોએ ભીડ જમાવી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આદેશ અનુસાર એક જ વ્યક્તિને એક સાથે રૂ. ૪ હજારની ચલણી નોટો બદલી આપવામાં આવતી હતી. એક અંદાજ મુજબ ગાંધીનગરની તમામ બેંકોની બધી જ શાખાઓમાં થઈને આશરે ૩૦ હજાર જેટલા નાગરિકોએ નવી ચલણી નોટો મેળવી હતી અને અંદાજે રૂપિયા બારેક કરોડની નવી ચલણી નોટોનું એક્ષચેન્જ થવા પામ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે બેંકોમાં ટ્રાન્ઝેક્શન માટે રજા રાખીને આરબીઆઈ દ્વારા તમામ બેંક કર્મચારીઓને ચલણી નોટોનું એક્ષચેન્જ કેવી રીતે કરવું, બેંકમાં કેવી રીતે વ્યવસ્થા ગોઠવવી, એક્ષચેન્જનું ફોર્મ કેવી રીતે ભરેલુ હોવુ જોઈએ તથા કેવા પ્રકારના પ્રુફ માન્ય ગણાશે તે અંગેની વિધિવત તાલીમ આપવામાં આવી હતી. મોટાભાગની બેંકોમાં કર્મચારીઓ સમય કરતા વહેલા આવી ગયા હતા અને બેંકોની શાખાઓ વહેલી ચાલુ કરી જરૂરી વ્યવસ્થા ગોઠવી દીધી હતી. સવારથી જ બેંકના ગ્રાહકો ઉપરાંત અન્ય નાગરિકોએ પોતાની જુની રદ થયેલી ચલણી નોટો જમા કરાવવા અથવા એક્ષચેન્જ કરાવવા ભારે ભીડ જમાવી હતી. બેંકો દ્વારા ગ્રાહકો માટે પીવાના પાણીની સગવડ કરાઈ હતી. શહેરની કેટલીક બેંકોમાં લાઈન બાબતે નાની મોટી ચડભડ સિવાય કોઈ અનિચ્છનીય બનાવ બનવાનું

● અનુસંધાન પાન-૫ પર

## આખો દિવસ બેકીંગ વિસ્તારમાં ટ્રાફિકનો ધમધમાટ : સવારે ચક્કાજામની સ્થિતિ



ગાંધીનગર તા ૧૦

શહેરના જનજીવનમાં આજે ભારે ધમધમાટે જોવા મળ્યો હતો. રૂ ૫૦૦ અને હજારની ચલણી નોટો બદલાવવા તેમજ બેંકમાં જમા કરાવાની ગતિવિધિઓ જ દિવસ દરમિયાન મુખ્ય રહી હતી. દિવસ દરમિયાન સેકટરામાં ચલણી નોટ એકસચેન્જ કરવાનો મુદ્દો જ ટોક ઓફ ધ ટાઉન રહયો હતો. જયારે બીજીતરફ સેકટરોમાં સ્થિત વિવિધ બેંકોની શાખાઓ પાસે ચક્કાજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. ખાસ કરીને સે-૧૬ સ્થિત સર્વિસ માર્ગ પર ટ્રાફિક જામના લીધે નાગરિકોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. બેંકોમાં પણ બહાર સુધી લાંબી કતારો જામી હતી.

પ્રધાનમંત્રી દ્વારા રૂ ૫૦૦ અને હજારની નોટો રદ કરવાનો નિર્ણય લેવાતા આજે બે દિવસના અંતે બેંકો ખુલતા નાગરિકો પોતાની પાસેની ચલણી નોટો જમા કરાવવા તેમજ જરૂર મુજબ ઉપલબ્ધ નોટો એકસચેન્જ કરાવવા માટે બેંકા તરફ દોડી ગયા હતા. સવાર થી જ બેંકો આસપાસના વિસ્તારમાં ટ્રાફિકની વિશેષ ચહલ પહલ જોવા મળી હતી. બેંકમાં આર્થિક વ્યવ્હાર માટે નાગરિકોની ભારેભીડ જામી હતી. જો કે બેંક દ્વારા આમ નાગરિકોને કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે તેવી વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ બેંક બહારના વિસ્તારમાં પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. જેના પરિણામે ખાસ કરીને મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સે-૧૬ ના સાંકડા સર્વિસ રોડ ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી. સાંકડા માર્ગ પર કેટલાક ઠેકાણે માર્ગ વચાળે વાહનો ખડકાયેલા જોવા મળ્યા હતા. આડા દિવસોમાં પણ આ ઠેકાણે ટ્રાફિકની સમસ્યા વકરે છે.ત્યારે બેંકીંગ સેકટર આમ નાગરિકોના ફોકસમાં રહેતા આજે દિવસ દરમિયાન આ વિસ્તારમાં સતત ધમધમાટ જોવા મળ્યો હતો.

## સિનિયર સિટીઝન્સ તથા દિવ્યાંગો માટે ખાસ કાઉન્ટર



સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખા પર વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ તથા મહિલા ગ્રાહકો માટે ગ્રાઉન્ડ ફ્લોર પર અલગ કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે વયોવૃદ્ધ સિનિયર સિટીઝન્સ તથા ખાસ કરીને દિવ્યાંગોને ખુબ રાહત અનુભવાઈ હતી. આ કાઉન્ટર પર તેમને ફોર્મ ભરવામાં પણ પુરતી મદદ પુરી પાડવામાં આવી હતી.

## એસબીઆઈએ ફોર્મ વેરીફિકેશન કાઉન્ટર રાખ્યા



ગાંધીનગરના જુના સચિવાલય પાસે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખાએ આજે ચલણી નોટો બદલવા સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. આ બેંકના પરિસરમાં ગ્રાહકોએ રીઝર્વ બેંકનું એક્ષચેન્જનું ફોર્મ ભરી તેનું વેરિફિકેશન કરવા માટે ખાસ બે કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવી હતી તથા એક હેલ્પ ડેસ્કની વ્યવસ્થા પણ કરાઈ હતી તથા જ્યાં ફોર્મના વિતરણ સાથે ફોર્મ કેવી રીતે ભરવુ તેની માહિતી પુરી પાડવામાં આવતી હતી. વેરિફિકેશન કાઉન્ટર પર ફોર્મની ચકાસણી તેમજ પુરાવાની ખરાઈ કર્યા બાદ તેના પર સિક્કો મારી આપવામાં આવતો હતો. જેથી બેંકની અંદર જઈ ગ્રાહકને સીધી નવી ચલણી નોટો મળી જતી અને તેનો સમય પણ બચી જતો હતો જેથી ભીડને ઝડપથી ઓછી કરવામાં રાહત મળી હતી.

## બેંકમાં આમ નાગરિકોને તકલીફ ન પડે તેવી વ્યવસ્થા કરી છે : પુષ્પા ચૌધરી

ગાંધીનગર તા ૧૦

બધા કામ પડતા મુકી બેંક દ્વારા સમગ્ર સ્ટાફ ગ્રાહકાને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે કામે લગાડી દેવાયો છે. સવારથી જ બેંકમાં નાગરિકોની કતાર લાગી જતા સૌ કોઈના કામની સમયસર પતાવટ થાય તેવો પ્રયાસ કરવામાં આવી રહયો છે. ફોર્મ ભરવા માટે પણ વોલ્યનટર્સ કામે લગાડી દેવાયા છે. ગ્રાહકોને વધુ સમય લાઈનમાં રહેવુ ન પડે તે માટે ૬ જેટલા કાઉન્ટર ઉભા કરાયા છે. જયારે જે નાગરિકો બેંકના ખાતેદાર નથી તેમને પણ નોટો એકસચેન્જ કરવામાં કોઈ તકલીફ ન પડે તે માટે અલગ કાઉન્ટર ઉભુ કરાયુ છે. બેંકનો માર્કેટીંગ સ્ટાફ પણ આ કામગીરીમાં લાગી ગયો છે. બેંકના મુખ્ય પ્રબંધક પુષ્પા ચૌધરીના જણાંવ્યા મુજબ સરકારના આ નિર્ણયથી આમ નાગરિકોએ ગભરાવાની જરૂર નથી. પોતાની પાસે રહેલી રોકડ રકમ ખાતામાં જમા કરાવી દેવાની છે. જયારે બેંકમાં ખાતુ ન હોય તેમની માટે પણ ત્વરિત ખાતુ ખોલાવી શકાય તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. બેંક ઓફ ઈન્ડીયાની ઘ-સ્થિત મુખ્ય શાખામાં ખાતામાં પૈસા સ્વીકારવાની સાથે કેશ એકસચેન્જ તેમજ ખાતા ઓપન કરવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. કતારમાં ઉભતા નાગરિકો માટે પીવાના પાણીની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

## શહેરની બેંકોની આસપાસ

- બેંકના અધિકારીઓને બુધવારે મોડીરાત સુધી ગુરૂવારની વ્યવસ્થા અંગે આર.બી.આઈ.ના અધિકારીઓ દ્વારા સૂચનો ટેલીફોનથી મળતા હતા.
- શહેરની તમામ બેંકોની બ્રાન્ચ અને શાખાઓ પર રૂપીયા ડિપોઝીટ કરવા તેમજ છુટા રૂપિયા લેવા ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી.
- છુટા રૂપિયા લેવા માટેનું ફોર્મ અંગ્રેજીમાં હોવાથી શ્રમિક, અભણ તેમજ ખેડૂત ગ્રાહકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો.
- શહેરમાં કેટલીક બેંકમાં બધી જ નોટ હાજર સ્ટોકમાં ન હોવાથી તેવી બેંકો દ્વારા માત્ર રૂપીયા સ્વીકારતી હતી.
- જીવન જરૂરી ચીજવસ્તુની ખરીદી માટે નાની રકમની જરૂરીયાત ઉભી થતા રૂ. ૧૦, ૨૦ અને ૫૦ની નોટ લેનારો વર્ગ આજે વધુ હતો.
- શહેરની તમામ બેંકના કર્મચારીઓ ગ્રાહકો માટે હેલ્પફુલ બન્યા હતા. પરંતુ હેલ્પ ડેસ્ક ન હોવાથી ગ્રાહકોને ફોર્મ ભરવા માટે ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.
- બેંકમાં ગ્રાહકોનો ધસારો તેમજ વ્યવસ્થાને પગલે બેંકના મેનેજર આજે પોતાની ચેમ્બર બહાર જ જોવા મળ્યા હતા.
- તમામ બેંકો દ્વારા ગ્રાહકોને મીનરલ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- આજે ઘ-૪ થી ઘ-૫ના માર્ગ પર મોટાભાગની તમામ બેંક આવી હોવાથી નગરનજોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.
- બેંકોની આસપાસ ગ્રાહકોની સલામતી, પાર્કિંગને અનુલક્ષી સવારથી જ પોલીસનો ભારે પહેરો હતો.
- બેંકની આસપાસ રહેલા તમામ લારી-ગલ્લા પોલીસ તંત્ર દ્વારા સલામતીને પગલે બંધ કરાવી દીધા હતા.
- સેક્ટર-૧૬ના આંતરીક માર્ગ તેમજ 'ઘ' માર્ગ પર ગાડીઓનો ખડકલો જોવા મળતો હતો.
- ગ્રાહકો હેરાન ન થાય તે માટે મોટાભાગની બેંકોએ રૂપિયા આપવાના તેમજ લેવાના કાઉન્ટરમાં બમણો વધારો કરી દીધો હતો.
- છુટા રૂપિયા લેવા માટે લાઈનમાં ઉભા રહેલા ગ્રાહકો વચ્ચે પણ ચણભણના દશ્યો સર્જાયા હતા.
- બેંકના કર્મચારીઓએ જમવા માટે અડધા કલાકની રીશેષ પાડતા ગ્રાહકોએ હોબાળો મચાવતા કર્મચારીઓએ રીશેષ રદ કરી હતી.
- બેંકમાં લાઈનો લાંબી થતા ગ્રાહકોએ પડીકા ખાઈને દિવસ પસાર કરવો પડ્યો હતો.
- બેંકની આસપાસ લારી-ગલ્લા બંધ હોવાને કારણે બેંક કર્મચારીઓએ પણ ચા-નાસ્તા માટે દુર દુર સુધી જવું પડ્યું હતું.

● અનુસંધાન પાન-૫ પર

સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર
(રજી. નં. : એફ-૧૯૨૭, ગુજ.-૧૯૬૭)
સંસ્કૃતિના તમામ સભ્યશ્રીઓને તેમજ નગરના કલારસિક નાગરિકોને વિક્રમ સંવત ૨૦૭૩ ના નૂતન વર્ષની શુભકામના પાઠવીએ છીએ.
આવો, વિક્રમ સંવતના આ નવા વર્ષને અતિ વિશિષ્ટ કાર્યક્રમથી પોંખીએ.
સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર અને
94.3 માય એફએમ રેડિયો, અમદાવાદ પ્રસ્તુત કરે છે...
94.3 MY FM jiyo dil se! ZINDAGI EXPRESS LIVE
આર.જે. આરતી પટેલ
એક સરસ વાર્તા, વાર્તાને સાંકળતું ગીત.
તારીખ : ૧૨-૧૧-૨૦૧૬ (શનિવાર), સમય : રાત્રે ૯:૧૫ કલાકે
સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર
આ વિશિષ્ટ, બેમિશાલ કાર્યક્રમ માણવા પધારવા આપને અમારૂ ભાવભર્યું નિમંત્રણ છે.
પ્રસ્તુત કાર્યક્રમમાં "સંસ્કૃતિ"ને પોષવા; કાર્યક્રમ માણવા એવં દીપ પ્રાગટ્ય માટે જે વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે તે સર્વશ્રી...
શ્રી પ્રવીણભાઈ પટેલ, મેયરશ્રી, ગાંધીનગર
શ્રી આશિષકુમાર દવે, અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા)
શ્રી ભાગ્યેશ જહા, અધ્યક્ષશ્રી, ગુજરાત સાહિત્ય અકાદમી
શ્રી યોગેશ ગઢવી, અધ્યક્ષશ્રી, ગુજરાત સંગીત નાટક અકાદમી
શ્રી કૃષ્ણકાન્ત જહા, અધ્યક્ષશ્રી, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
શ્રી વલ્લભભાઈ પટેલ (સરદારભાઈ), અધ્યક્ષશ્રી, કડી સર્વ કેળવણી મંડળ
શ્રી અરૂણ બૂચ, અધ્યક્ષશ્રી, શહેર વસાહત મહામંડળ
શ્રી જગત કારાણી, પ્રમુખશ્રી, આર્ટ લવર્સ સંસ્થા, ગાંધીનગર
શ્રી એન. પી. પટેલ, પ્રમુખશ્રી, કલા ગુર્જરી, ગાંધીનગર
શ્રી જીલુભા ધાધલ, પ્રમુખશ્રી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ
શ્રી કમલ કિશોર જૈન, પ્રમુખશ્રી, કલરવ સંસ્થા
શ્રી ભરત કવિ, પ્રમુખશ્રી, ગાંધીનગર સાહિત્યસભા
શ્રી નિમેષ રાવલ, પ્રમુખશ્રી, લાયન્સ કલબ
શ્રી મયંક દવે, પ્રમુખશ્રી, સુરમધુર સંસ્થા, ગાંધીનગર
સંસ્કૃતિના તમામ સભ્યશ્રીઓને નિમંત્રણ કાર્ડ પાઠવી દેવામાં આવ્યા છે. જો ન મળે તો સંસ્થાના કોષાધ્યક્ષ શ્રી સુખદેવભાઈ પટેલનો સંપર્ક સાધવા વિનંતી. મો. ૯૯૯૮૮૦૪૯૪
કૃપા ત્રિવેદી, મુખ્ય કાર્યક્રમ અધિકારી, 94.3 માય એફએમ રેડિયો, અમદાવાદ
રમેશ પટેલ, પ્રમુખ, સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર
સંસ્કૃતિ સંસ્થાના કાર્યવાહકો
ડૉ. રાજેશ શાહ - ઉપપ્રમુખ
રાજુ પટેલ - ઉપપ્રમુખ
ફાલ્ગુન વોરા - ઉપપ્રમુખ
મનોજ શુકલ - મંત્રી
સુખદેવ પટેલ - કોષાધ્યક્ષ
મુકેશ મહેતા - સહકોષાધ્યક્ષ
મનોજ જોષી - સહમંત્રી
પરાગ શુકલ - સંગઠન મંત્રી
કલ્પેશ ભટ્ટ - આયોજન મંત્રી
ગગુભા રાજ - કાર્યક્રમ સંયોજક
શ્રીમતી પ્રીતિ મહેતા - કાર્યક્રમ સંયોજીકા
શ્રીમતી પરમતજીકૌર છાબડા - કાર્યક્રમ સંયોજીકા
અશોક રાવલ - સંકલન અધિકારી
દિનેશ ચૌહાણ - મંત્રી, જનસંપર્ક
પંકજ ચુડાસમા - નિમંત્રણ સંયોજક
રસિક લીંબાચિયા - નિમંત્રણ સહસંયોજક
જગદીશ નાયક - નિમંત્રણ સહસંયોજક
ઉપેન્દ્ર ઉપાધ્યાય - સ્ટેજ વ્યવસ્થાપક
હર્ષદસિંહ વાઘેલા - સ્ટેજ વ્યવસ્થાપક
તુષાર મ. રાવલ - સ્ટેજ સહવ્યવસ્થાપક
કલ્પેશ ઓઝા - સ્ટેજ મદદનીશ
પંકજ વાઘેલા - સ્ટેજ મદદનીશ
હરેશ ઠાકર - મદદનીશ મંત્રી
સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com